# મોબાઈલ નેટવર્ક ધાંધિયાથી વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ ખોરવાયું, ઉગ્ર રોષ

## ભિલોડાના કૂંડોલ-પાલના ગ્રામજનો માટે ડિજિટલ ઇન્ડિયા બૂમરેંગ આવેદનપત્ર આપ્યું

ભિલોડા, તા. ૨૪

કોરોના વાયરસનું સંક્રમણ જ્યારથી શરૂ થયું છે ત્યારથી શાળા-કોલેજ સહીત શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ અટવાઈ પડ્યો છે. હાલ ઓનલાઈન અભ્યાસક્રમ થકી શૈક્ષણિક સત્ર આગળ ધપાવાઈ રહ્યું છે ત્યારે અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્કના જ ધાંધિયા હોય ત્યાં કુડોલપાલ ગામના ગ્રામજનો માથે કોમ્પુયટર મૂકી રેલી અને સૂત્રોચ્ચાર સાથે ભિલોડા મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ગામમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટના અભાવથી વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસથી વંચીત રહેતા બાળકોનું ભવિષ્ય અંધકારમય બન્યું છે. નેટવર્ક કે ઈન્ટરનેટની સુવિધા ન હોવાથી



ઈન્ટરનેટની વાત જ શું કરવી જેવી સ્થિતી જોવા મળે છે. ડિજિટલ ઈન્ડિયાની વાતો વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્ક માટે લોકોએ આંદોલન કરવા પડી રહ્યા છે. ડિજિટલ ઈન્ડિયા મુખ્યત્વે શહેરી અને મોટા ગ્રામ્ય વિસ્તારો સુધી સીમિત રહ્યું હોય તેમ ગુજરાતના અનેક અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક માટે ૫ કિલોમીટર સુધી જવું પડે છે કે પછી ડુંગર અને ઝાડ પર ચઢી નેટવર્ક શોધવું પડી રહ્યું છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો માટે ડિજિટલ ઈન્ડિયાની વાતો બૂમરેંગ સાબીત થઈ રહી છે.

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ઓનલાઈન અભ્યાસથી અનેક બાળકો વંચીત રહેવાનો વારો આવ્યો છે ઓનલાઈન અભ્યાસથી અનેક બાળકોનું ભાવિ ધૂંધળું બન્યું છે. ભિલોડા તાલુકાના છેવાડાનું ગામ કૂંડોલ-પાલ ગામમાં નેટવર્કના ધાંધીયા અને ઈન્ટરનેટના અભાવે બાળકો ઓનલાઈન શિક્ષણ મળતું ન હોવાથી વારંવાર ઉચ્ચ કક્ષાએ રજુઆત કર્યા પછી પણ નેટવર્ક ન મળતા ગ્રામજનોએ સરકાર વિરોધ સૂત્રોચ્ચાર કરી રેલી સ્વરૂપે ભિલોડા મામલતદારને આવેદન પત્ર આપી નેટવર્ક અને ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ કરાવવા રજુઆત કરી હતી.

ઓનલાઈન શિક્ષણ કઈ રીતે શક્ય બની શકે ? આ અંગે લોકડાઉન સમયથી ગામના સરપંચ અને જાગૃત નાગરિકોએ ઈમેઈલ મારફતે અને મૌખીક રજુઆત કલેકટરને પણ કરવામાં આવી છે તેમ છતાં સમસ્યાનું સમાધાન થયું નથી ગામમાં પોસ્ટ ઓફીસ અને સહકારી મંડળી તથા ડેરી પણ આવેલી છે તમામ લોકોને નેટના અભાવે કામ કઈ રીતે કરવું તે સવાલ છે. મંડળીનું રાશન આપવા માટે જ્યાં નેટ આવતું હોય તે ગામમાં જઈને અંગુઠો કરાવવો પડે છે જેમાં તમામ ગ્રામજનોનો ખૂબ સમયનો બગાડ થાય છે. પ્રાથમીક શાળાના શિક્ષકોને પણ ઓનલાઈન હાજરી બતાવા નેટ શોધવા નીકળવું પડે છે ! શિક્ષકો ભણાવશે કે નેટ શોધ્યા કરશે ? આ હાલત છે અમારા ગામની !! ડીઝીટલ ઈન્ડિયાના નારા વચ્ચે અમારા ગામલોકોનું જીવન ખૂબ કપરું બની ગયું છે.

એકબાજુ સરકાર ડીઝીટલ વહેવારો કરવાનું કહે છે બીજી બાજુ નેટ પૂરું પાડતી નથી અમારા ગામના લોકોની આ જલદ સમસ્યાનો તુરંત ઉકેલ આવે તેવી કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં ન આવે તો ગ્રામજનોર ગાંધી ચીંધ્યા માર્ગે કલેકટર કચેરીએ ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ટ્રકમાંથી વિદેશી દારૂ ઝડપી પાડતી સાબરકાંઠા ક્રાઈમ બ્રાન્ચ

પ્રાંતિજ, તા. ૨૪

અમૃતભાઈ મેલાભાઈ બ.ન.૧૫૨ ને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે એક ટ્રક નં.આરજે.૧૪.જીસી.૩૪૫૩ માં હિમતનગર તરફના રોડથી એક ટ્રક આવતી હોય જે ટ્રકના ચાલકે પોલીસ વાહન જોઈ પોલીસથી થોડેક દુર પોતાનો ટ્રક ઉભો રાખી દીધેલ અને તેમાંથી બે ઈસમો નીચે ઉતરી નાસવા લાગતાં જેમાંથી એક



બે ઈસમો હરીયાણાથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી નિકળેલ છે અને હાલમાં ટ્રક હિંમતનગર પસાર થઈ ગયેલ છે. જેથી કાટવાડ નજીક હિંમતનગરથી અમદાવાદ જતા નેશનલ હાઈવે રોડ નં. ૮ પર ગોકુલ હોટલ સામેના ભાગે વાહન ચેકીંગ કરવાનું ચાલુ કરેલ તે દરમ્યાન થોડીક વારમાં ઈસમ પકડાઈ ગયેલ જે ટ્રકની તાડપત્રી ખોલી જોતાં લીલા કલરના પુઠાના બોકસ ભરેલ હોય જે બોકસ જોતાં ગાર્ડ બ્રાન્ડનું ખાદ્યતેલ હોય જેના બોકસ નીચે ઉતરાવી જોતાં તેમાં નીચેના ભાગે વિદેશી દારૂની પેટીઓ નંગ-૪૧૧માં નાની મોટી બોટલ ટીન નંગ-૧૫૭૬૮ કિ. રૂ.૧૯,૨૨,૪૦૦ તથા ખાદ્યતેલના પ્લાસ્ટીક જાર તથા પ્લાસ્ટીક પાઉચ કુલ બોકસ નંગ-૧૦૮૮ની કિ. રૂ.૧૫,૩૨,૧૭૮ તથા ટ્રક નં. આરજે.૧૪.જીસી. ૩૪૫૩ કિ. રૂ.૧૦,૦૦,૦૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૨ કિ. રૂ.૧૦૦૦ તથા માલની બીલ્ટી તથા ટ્રકની આર.સી. બુક તથા ડ્રાયવર માલીકના આધાર કાર્ડની ઝેરોક્ષ કુલ કાગળો-૬ કિ. રૂ.૨૦ તથા પ્લાસ્ટીકનું મીણીયુ કિ. રૂ.૩૦૦ તથા રસ્સી કિ. રૂ.૫૦૦ની મળી કુલ રૂ.૪૪,૫૬,૩૭૮ના મુદ્દામાલ મળી આવેલ જેથી પકડાઈ ગયેલ આરોપી પંજાબસીંઘ ઉ બાજાસીંઘ સ/ઓ અજીતસીંઘ મોહનસીંઘ મજબી શીખ, ઉ.વ-૩૨ રહે.કનૈલી, પીન્ડ, બલુઆણા, રહે. અબોહર જી. ફજલકા પંજાબ તથા વોન્ટેડ આરોપી ગુરભગતસીંઘ ઉર્ફે ટીટુ સ/ઓ મહેન્દ્રસીંઘ સીંઘ રહે. રામપુર ફુલ તહે. રામપુરાફુલ જી. ભટીન્ડા પંજાબનાઓ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૯૦૪૧૨૦૧૪૫૩/૨૦૨૦ ગુજરાત પ્રોહિ એકટ ક ૬૫ એઈ,૧૧૬ બી, ૯૮ (૨), ૮૧, મુજબ પ્રોહીનો ગણનાપાત્ર કેસ કરેલ છે.

# અરવલ્લી એલસીબીએ ધનસુરાના સુકાવાંટડા નજીકથી બુલેટ પર દારૂની ખેપ મારતા બે બુટલેગરોને ઝડપ્યા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કાગનો વાઘ બની રહી છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલાને અટકાવવા દોડાદોડી કરી રહી છે. સતત બુટલેગરોના કીમિયા નિષ્ફળ બનાવી રહી છે, અરવલ્લી એલસીબી પોલીસે ધનસુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. રાજસ્થાનથી બુલેટ પર અમદાવાદ વિદેશી દારૂની ખેપ થઈ રહી હોવાની બાતમી મળતા સુકાવાંટડા નજીક નાકાબંધી કરી બુલેટ પર પસાર થઈ રહેલ બે બુટલેગરને ૩૫ બોટલ વિદેશી દારૂ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર તેમની ટીમના પોલીસકર્મી ઈમરાનખાન, સંજયકુમાર અને પ્રમોદચંદ્ર સાથે ધનસુરા વિસ્તારમાં પ્રોહિબિશન પેટ્રોલિંગ હતા ત્યારે કાળા કલરની બુલેટ પર વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી મળતા સુકાવાંટડા નજીક નાકાબંધી કરી રાજસ્થાનથી અણીયોર તરફના



રસ્તા પરથી આવતા બે શખ્સો બુલેટ નં-જી જે.૩૧.કે.૮૫૨૩ ને લઈને પસાર થતા અટકાવી તલાસી લેતા તેમની પાસે રહેલા થેલામાંથી વિદેશી દારૂની બોટલ નંગ ૩૫ કીં. રૂ.૨૮૦૦૦નો જથ્થો જપ્ત કરી બુલેટ ચાલક હર્ષરાજસિંહ મોહનસિંહ સોલંકી રહે. મોટી મોરી, મેઘરજ અને ધનરાજસિંહ સુરેન્દ્રસિંહ ઝાલા રહે.રખિયાલને ઝડપી પાડી બુટલેગરોની ખેપ નિષ્ફળ બનાવી વિદેશી દારૂ, બુલેટ સહીત ૧૩૪૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને શખ્સો વિરુદ્ધ ધનસુરા પોલીસ સ્ટેશને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા પાસે અકસ્માતમાં એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા પાસે ગુરુવાર સાજના એક બાઈક ચાલકે બીજા બાઈક ચાલકને ટક્કર મારત મોત નીપજ્યું હતું. ખેડબ્રહ્મા તાલુકાના ગલોડીયા ગામના પટેલ બેચરભાઈ દેવજીભાઈ પોતાનું બાઈક ન. જી.જે.૯.સી.ઈ.૫૮૫ લઈ લક્ષ્મીપુરા તરફ ગયા હતા ત્યારે એક નંબર વગરના પલસર બાઈક ચાલકે પુરઝડપે ચલાવી બેચરભાઈના બાઈકને ટક્કર મારતા બેચરભાઈ પડી ગયા હતા તમને ૧૦૮ મારફતે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યા તેમના માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હોઈ ઈડર ખાતે રીફર કરવામાં આવ્યા હતા ત્યાં સારવાર કરી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામા આવ્યા હતા જ્યા રસ્તામાં ૧૧.૩૦ કલાકે મોત નિપજતા તેમના પરિવારે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં લાવી પી.એમ. કરાવ્યું હતું અને તેમના ભત્રીજા સુરેશભાઈ નટવરભાઈ પટેલે પલ્સર બાઈક ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## જુનાડીસા હાઈવે કાર ડિવાઈડર ઉપર ચડી જતા અકસ્માત

ડીસા, તા. ૨૪

બનાસકાંઠા જીલ્લામાં માર્ગ અકસ્માતની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. ગઈકાલે રાત્રે જૂનાડીસાથી ડીસા વચ્ચે એક માર્ગ અકસ્માતની ઘટનામાં કાર ચાલક ઈજાગ્રસ્ત બન્યો હતો. સ્વિફ્ટ કારનો ચાલક ગાડી લઈ જુનાડીસાથી ડીસા તરફ આવી રહ્યો હતો. આ દરમ્યાન ડીવાઈડર પર કોઈ પ્રકારના રેડિયમ લગાવેલા ન હોવાથી કાર ડીવાઈડર પર ચડી ગઈ હતી. બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના જૂનાડીસાથી ડીસા તરફ આવતી વખતે કારચાલકને અકસ્માત નડ્યો હતો. ગત રાત્રે એક કારચાલક સ્વિફ્ટ ગાડી લઈને નેશનલ હાઈવે નં-૭ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન અચાનક હાઈવે પર તેમની કાર ડીવાઈડર પર ચડી જતાં અકસ્માત સર્જાયો હતો. વાહનચાલકોનો આક્ષેપ છે કે ડિવાઈડર પર રેડિયમ લગાવેલા ન હોવાથી વારંવાર અકસ્માત સર્જાય છે. આ તરફ અકસ્માતની ઘટનામાં ચાલક ઈજાગ્રસ્ત બનતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

## અરવલ્લીમાં યોજાનાર રક્તદાન કેમ્પમાં જોડાવા માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી દ્વારા આહવાન કરાયુ

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત રક્તદાન કેમ્પ આગામી ૨૭-૧૦ તારીખે યોજાવાનો છે. જેમાં જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો પણ રક્તદાન માટે વધુને વધુ સંખ્યામાં જોડાય એ માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી દ્વારા આહવાન કરવામાં આવ્યું છે. થેલેસેમીયા બીમારીગ્રસ્ત બાળકોને રક્તની ખૂબ જ જરૂર પડતી હોય છે જેને પહોંચી વળવા માટે ડો. વિનોદ રાવ, શિક્ષણ સચિવ, ગુજરાત રાજ્યની પ્રેરણાથી ગુજરાતના દરેક જિલ્લામાં કેમ્પ થઈ રહ્યો છે એ અંતર્ગત અરવલ્લી જીલ્લામાં પણ શિક્ષણ સચિવ ડૉ.વિનોદ રાવની ઉપસ્થિતિમાં રકતદાન કેમ્પ યોજાવાનો છે. અરવલ્લીજિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ અને નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલની અપીલને માન આપીને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી દ્વારા રક્તદાન માટે આહવાન કરવામાં આવ્યું છે એમ જિલ્લા પ્રમુખ મિનેષભાઈ પટેલ અને મહામંત્રી પ્રજ્ઞેશભાઈ શર્માએ જણાવ્યું હતું.

## ડીસામાં મા અંબાની આરાધના

ડીસા શહેરના રાજપુર-લોધાવાસ વિસ્તારમાં રહેતા અરવિંદભાઈ આશિયા પરિવાર દ્વારા કોરોનાની મહામારીના કારણે પોતાના ઘેર મા અંબાની નવરાત્રી નિમિત્તે સ્થાપના કરવામાં આવી છે. જ્યાં મા અંબાની પૂજા અર્ચના સાથે આરતી પણ કરવામાં આવે છે. તેમજ પરિવાર દ્વારા સોશીયલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરી ગરબાની પણ રમઝટ જામે છે.



**ઘડીયા વહાણવટી મંદિરે શ્રદ્ધાના ઘોડાપુર ઉમટ્યા**

આ વર્ષે નવરાત્રી પર કોરોના ગ્રહણ લાગ્યું જેના કારણે ગરબાની રમઝટ નહિ. નવલી નવરાત્રી ફિકકી રહી પણ આદ્યશક્તિ માતાજીની આરાધનામાં કોઈ ઓટ આવી નહી લોકો ઘરમાં રહીને શ્રદ્ધાપુર્વક માતાજીની પુજા, અર્ચના, આરતી કરી હતી. અરવલ્લી જીલ્લાની સરદહ બાયડ પાસે આવેલા ખેડા જીલ્લામાં કપડવંજ નજીક ઘડીયા ગામે આસ્થાનું ધામ વહાણવટી માતાજીના મંદિરે દુર-દુરથી ભક્તો માતાજીના ગરબા ચડાવવા આવે છે. કોરોનાને લીધે સોશિયલ ડિસ્ટસિંગના નિયમો પાળી શ્રદ્ધાળુ એકલ દોકલ આવી ગરબા ચડાવે જેથી વહાણવટી માતાજીના મંદિરે ગરબાનો ડુંગર સર્જાયો છે. જે તસ્વીરમાં જોઈ શકાય છે. શ્રદ્ધા હોય ત્યાં પુરાવાની શી જરૂર ! એ વાત અહી સાર્થક પુરવાર થઈ છે.

# બાયડમાં બનાવટી ચૂંટણીકાર્ડ ઝડપાયુ, ત્રણ સામે પોલીસ ફરીયાદ

બાયડ, તા. ૨૪

ગુજરાતમાં નકલી ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ કાર્ડ અને પાન કાર્ડ બનાવવાના કૌભાંડનો છાસવારે પર્દાફાશ થતો હોય છે જેમાં મુખ્યત્વે જે તે સંબન્ધિત કર્મચારીઓની સંડોવણી હોવાનું બહાર આવતું હોય છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં નકલી ચૂંટણીકાર્ડ મળી આવતા સરકારી કચેરીમાં ખળભળાટ મચ્યો છે. બાયડ પ્રાંત અધિકારી કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા યુવકે ફક્ત ૨૦૦ રૂપિયા લઈ એક યુવકની પત્નીનું ચૂંટણી કાર્ડ કાઢી આપ્યું હતું. યુવક તેની પત્નીને કાઢી આપેલ ચૂંટણીકાર્ડનું નવું સ્માર્ટ કાર્ડ કઢાવવા મામલતદાર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં જતા ફરજ પરનાં કર્મચારીને ચૂંટણીકાર્ડ જોતાની સાથે કાર્ડ નકલી હોવાનું ધ્યાને આવતા તેને મદદનીશ ચૂંટણી અધિકારીને જાણ કરતા નકલી ચૂંટણીકાર્ડ કાઢી આપવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. નકલી કાર્ડ કાઢી આપનાર પ્રાંત કચેરીના કોમ્પ્યુટર ઓપરેટર સહીત ત્રણ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બાયડ તાલુકાના નવા પ્રતાપપુરા ડેમાઈ ગામના મેહુલ કુમાર મણીસિંહ ઝાલા તેમની પત્ની આરતીબેનનું ચૂંટણીકાર્ડ કાઢવાની જરૂરિયાત ઉભી થતા છભૌ ગામના નીલેશ પ્રતાપભાઈ પરમાર નામના પરિચીત યુવકનો સંપર્ક કરતા નિલેશ પરમારે બાયડ પ્રાંત કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા રાકેશ સોલંકી સાથે સંપર્ક કરાવ્યો હતો. મેહુલ ઝાલાએ તેમની પત્નીનો ફોટો એલસીની નકલ માંગતા મેહુલ ઝાલાએ રાકેશ સોલંકીને તમામ ડોક્યુમેન્ટ આપતા એક અઠવાડિયામાં ચૂંટણીકાર્ડ બનાવી આપી મેહુલ ઝાલા પાસેથી ૨૦૦ રૂપિયા લીધા હતા મેહુલ ઝાલા તેની પત્નીનું ચૂંટણી કાર્ડ લઈ બાયડ મામલતદાર કચેરીએ પીવીસી એપીક કાર્ડ કઢાવવા જતા નકલી ચૂંટણીકાર્ડ કૌભાંડનો પર્દાફાશ થયો હતો. મદદનીશ ચૂંટણી અધિકારીએ ત્રણે શખ્સોની પૂછપરછ કરતા નિલેશ સોલંકીએ અગાઉ ઈન્દ્રાણ દાદનામુવાડાના રહીશને ચૂંટણીકાર્ડ કઢાવવાનું હોય રાકેશ સોલંકીનો સંપર્ક કરી આપ્યો હોવાનો રાગ આલાપ્યો હતો. મેહુલ ઝાલા નકલી ચૂંટની કાર્ડથી અજાણ હોવાનું અને પ્રાંત કચેરીમાં ફરજ બજાવતો રાકેશ સોલંકી આ બંનેને ઓળખળતો ન હોવાનું રટણ કરતા મદદનીશ અધિકારી સહીત તંત્રના અધિકારીઓ ચોકી ઉઠ્યા હતા.

બાયડ મદદનીશ ચુટંણી અધિકારી કે બી સોલંકીએ રાકેશસિંહ મોહનસિંહ સોલંકી (રહે, વારેણા), નિલેષકુમાર પ્રતાપભાઈ પરમાર (રહે, છભૌ) અને મેહુલકુમાર મણીસિંહ ઝાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બાયડ પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

# પ્રવાસી શિક્ષક સંગઠન દ્વારા વિવિધ માંગણીઓને લઈને આવેદનપત્ર અપાયુ

ધનસુરા, તા. ૨૪

ધનસુરા તેમજ અરવલ્લી જિલ્લા પ્રવાસી શિક્ષક સંગઠન ધ્વારા શિક્ષકો ને કાયમી કરવા અને



પગાર સંદર્ભે કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

બે વર્ષથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ અને ચિત્રના શિક્ષકોની મેરીટને લઈને નિમણૂક કરવામાં આવી છે. જેથી રાજ્યના સી.પી.એડ અને એ.ટી.ડી. લાયકાત ધરાવતા ઉમેદવારો માનદવેતનથી પ્રવાસી શિક્ષક તરીકે ની કામગીરી કરી રહ્યા છે.

તેમને મળતો પગાર બંધ કરવામાં આવ્યો છે જેથી શિક્ષકોને પારિવારિક જીવન ધોરણ પર અસર પડે છે જેથી આ પગાર શરુ કરવામાં આવે તેવી માંગણી કરી હતી. જેથી પ્રવાસી શિક્ષકોએ શિક્ષણ ાં જરૂર જણાય ત્યાં સેવાઓનો લાભ લઈ યોગ્ય ઘટતું કરી પગાર શરૂ કરવા માટે માંગણી કરી હતી. અરવલ્લી જિલ્લા પ્રવાસી શિક્ષક સંગઠન ધ્વારા શિક્ષકોને કાયમી કરવા માટે અને પગારને લઈને કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અધિકારી અને પ્રાથમિક શિક્ષણ નિયામક ગાંધીનગરને પણ પત્ર મોકલી આ બાબતે રજૂઆત કરી હતી.

## બનાસકાંઠામાં કોરોનાના વધુ ૬ કેસ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શનિવારે કોરોનાના વધુ ૦૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૭૯ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૬૧ પહોંચ્યો છે. સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. જ્યાં શનિવારે કોરોનાના વધુ ૦૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૭૯ એ પહોંચી ગઈ છે. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૦૩ અને વેપારી મથક ડીસામાં ૦૩ કેસ નોંધાયા હતા. કુલ ૧૦૭૧ સેમ્પલમાં ૬નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

### આજે દશેરાના પર્વની ધામધુમપૂર્વક ઉજવણી યોજાશે

# ભિલોડામાં દશેરા નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ થશે

ભિલોડા,તા.૨૪

કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને મોટા ભાગના તહેવારો,ઉત્સવો,ઉજવણીઓ,ધાર્મિક નવલી નવરાત્રીનું પર્વ પુર્ણ થતાં આજે દશેરાના પાવન પર્વ નિમિત્તે જલેબી,ફાફડા,ચોરાફળીનું ધુમ વેચાણ થશે તેમ વેપારીઓએ તહેવારોની ઉજવણી એકદંરે ફીકી જોવા મળે છે.બીજી તરફ બજારોમાં મંદીના માહોલ વચ્ચે મોંઘવારીનું ગ્રહણ ભુલીને સ્વાદના શોખીન



કાર્યક્રમો, મેળાવડાઓ, જાહેર કાર્યક્રમો પર નિયંત્રણ હોઈ પ્રજાજનોનો ઉત્સાહ એકદંરે ઘટ્યો છે. કોરોના વાઈરસનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં દિન-પ્રતિ-દિન વધતા નવલી નવરાત્રીનું પર્વ ઠેર-ઠેર ગરબાની રમઝટ વગર નિરસ રહ્યું હતું. દશેરા પર્વ નિમિત્તે મોંઘવારીનું ગ્રહણ હોઈ જલેબી,ફાફડા,ચોરાફળીની મિજબાની માણવી મોંઘી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં જણાવ્યું હતું. આસુરી શક્તિ સામે દેવી શક્તિના વિજયનું પર્વને દશેરાનો તહેવાર ઉજવવા ફાફડા-જલેબી-ચોરાફળી લાખ્ખો રૂપિયાની પ્રજાજનો આરોગશે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અસહ્ય મોંઘવારી હોઈ ફાફડા અને જલેબીના ભાવોમાં આ વર્ષે ધરખમ ભાવ વધારો જોવા મળ્યો છે.ફાફડા-જલેબી અને ચોરાફળી ખરીદવા માટે ઠેર-ઠેર સ્ટોલો ઉપર કતારો લાગી જશે આ વર્ષે એક તરફ કોરોના વાઈરસની મહામારી વચ્ચે પ્રજાજનો ફાફડા-જલેબીની જયાફત ઉડાવશે. દશેરાના પર્વને શુભ દિવસ માનવામાં આવે છે ત્યારે વાહન, ઘર, ઓફીસની ખરીદી પ્રજાજનો કરતા હોય છે. દશેરા પર્વને કાયમી યાદગાર પ્રજાજનો બનાવી દેતા હોય છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દશેરાના પાવન પર્વ નિમિત્તે ઠેર-ઠેર ફરસાણની દુકાનોમાં જલેબી-ફાફડા-ચોરાફળીની ખરીદી કરવા વહેલી સવારથી જ ગ્રાહકોની કતારો લાગી જતી હોય છે.

## પાલનપુરમાં ચોખાના કટ્ટા ભરેલ ટ્રેનના ડબ્બામાં આગ લાગતા અફરા-તફરી

પાલનપુર રેલવે સ્ટેશન હદમાં ચોખા ભરેલ ટ્રેનના ડબ્બામાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા-અફરાતફરી મચી ગઈ હતી. જેના પગલે ફાયર-ફાયટરને જાણ કરવામાં આવતા ફાયરના સ્ટાફે ઘટના સ્થળે દોડી આવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ત્યારબાદ ચોખાના કટ્ટાને વધુ નુકસાન ન થાય તે માટે સલામત સ્થળ પર ખસેડવામાં આવ્યા હતા. પંજાબથી એફસીઆઈ માલ ગોડાઉનનો પુરવઠો (ચોખા) ટ્રેન મારફતે ગુજરાતના પાલનપુર શહેરના રેલ્વે સ્ટેશન ખાતે આવ્યો હતો. તે સમયે ટ્રેનના એક ડબ્બામાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા અફડા તફડી મચી ગઈ હતી.

આ અંગે એફસીઆઈ ડેપો મેનેજર પી.આર.મીણા એ જણાવ્યુ હતુ કે પંજાબથી રેલ્વેના ૨૪ ડબ્બામાં ચોખા ગુજરાતના પાલનપુર રેલ્વે સ્ટેશન આવ્યા હતા.(ચોખાના કટ્ટાની રેક લાગી હતી) તે સમયે એક ડબ્બામાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા ધૂમાડો નિકળવા લાગ્યો હતો.જેની જાણ એફસીઆઈના સ્ટાફને થતા અગ્નિશામક તેમજ ફાયર ફાયટરની મદદથી આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવતા મોટી દુર્ઘટના બનતી અટકી ગઈ હતી. અને દિનેશ રાઠોડ દ્વારા ટ્રેનમાં પડેલ તમામ ચોખાના કટ્ટાની ચકાસણી કરી સલામત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે.